આઠ પ્રક્રિયામાંથી પસાર થઈને શેરડીમાંથી ખાંડ બને છે

દિવાળીમાં નાનખટાઈ, ઘૂઘરા અને મીઠાઇનો ભરપૂર ઉપયોગ થાય છે, જે ખાંડ વગર અધૂરી છે

સુરત : હાલમાં દીવાળી શરુ થઇ ગઇ છે અને હિન્દુ ધર્મના નવા વર્ષને આવકારવા માટે લોકોમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. નમકીનની વાત કરીએ તો દરેક ઘરોમાં ચોળાફળી, મઠિયા અને થાપડા તૈયાર થઈ રહ્યાં છે.

તો મીઠી વસ્તુઓમાં ઘુઘરા, નાનખટાઇ, ઉપરાંત જુદી જુદી મીઠાઈઓની ડીશ મહેમાનોને આવકારવા માટે તૈયાર કરવામાં આવે છે. આ તમામ મીઠી વસ્તુઓ ખાંડ વગર અધૂરી છે. એટલું જ નહીં સામાન્ય દિવસની સવારની શરુઆત પણ ચા સાથે જ થાય છે. જેમાં પણ ખાંડનો ઉપયોગ થાય છે. જો કે શેરડીમાંથી ખાંડ માર્કેટ સુધી પહોંચે તે અનેક પ્રક્રિયામાંથી પસાર થાય છે. સૌ પ્રથમ શેરડી કાપીને તેનું પરીવહન કરી સુગર ફેક્ટરીઓમાં પહોંચાડવામાં આવે છે.

સુગર ફેક્ટરીમાં આવ્યા પછી શેરડીને બરાબર ધોઈને મશીનોમાં પીલવામાં આવે છે, જેથી તેનો રસ છૂટો પડે. શેરડીના આ રસમામાં રસમાં ચૂનો ઉમેરીને તેને શુદ્ધ કરવામાં આવે છે જેથી તેની અંદર રહેલી અશુદ્ધિઓને દૂર કરવામાં આવે છે. અંતિમ તબક્કામાં તૈયાર થયેલી શુદ્ધ ખાંડને સૂકવીને 50 કિલોગ્રામની કોથળીઓમાં પેક કરવામાં આવે છે અને બજારમાં મોકલવા માટે તૈયાર થાય છે.



35 દિવસ બાદ વ્યારા સુગર સામે ખેડૂત સત્યાગ્રહનો સુખદ અંત

મુખ્યમંત્રીની બેઠક બાદ આશરે રૂ.8 કરોડની ચૂકવણીનો માર્ગ મોકળો



વ્યારાઃ તાપી જિલ્લા કલેક્ટર કચેરી બહાર છેલ્લા 35 દિવસથી વ્યારા સુગરને શેરડી આપનાર ખેડૂતો પોતાના બાકી હપ્તાના આશરે રૂ.7થી 8 કરોડ મેળવવા માટે ધરણાં પ્રદર્શન કરી રહ્યા હતા. આખરે ખેડૂતોના લાંબા સંઘર્ષનો સુખદ અંત આવ્યો છે. તાપી જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ અને સ્થાનિક મંત્રી ડો.જયરામભાઈ ગામીતના પ્રયાસો બાદ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોનાં બાકી નાણાં ચૂકવવાનો નિર્ણય લેવામાં આવતાં ખેડૂતોમાં ખુશીની લાગણી ફેલાઈ છે.

ગત રોજ મળેલી કેબિનેટ બેઠકના અંતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વ્યારા સુગરના ખેડૂતોનાં બાકી નાણાં ચૂકવવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય બાદ શુક્રવારે તાપી કલેક્ટર કચેરી બહાર છેલ્લા 35 દિવસથી ધરણા પર બેઠેલા ધવલભાઈ ચૌધરી સહિત 100થી 150 જેટલા ખેડૂતો વચ્ચે પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ, મંત્રી ડો.જયરામભાઈ ગામીત, વ્યારાના ધારાસભ્ય મોહનભાઈ કોકણી સહિતના આગેવાનો પહોંચ્યા હતા. તેમણે ખેડૂતોને સરકારના નિર્ણયની જાણકારી આપી હતી અને ખેડૂતોની એકતા તથા તેમના સંઘર્ષને બિરદાવ્યો હતો. ત્યારબાદ ધરણા પર બેઠેલા ખેડૂતોને પારણાં કરાવી સત્યાગ્રહનો અંત લાવવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારની ગેરંટીના આધારે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક દ્વારા ખેડૂતોનાં બાકી નાણાં તેમના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મારફતે જમા કરવામાં આવી રહ્યાં હોવાની માહિતી મંત્રીએ આપી હતી. ખેડૂતોના બીજા અને ત્રીજા હપ્તાના આશરે રૂ.8 કરોડ જેટલાં નાણાં સીધાં ખાતામાં જમા થતાં ખેડૂતોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. આમ, દિવાળી પૂર્વે તાપી જિલ્લાના ખેડૂતો માટે આ નિર્ણય શુકનવંતો સાબિત થયો છે.

આ પ્રસંગે તાપી જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આટલી મોટી સુગર મિલ ફરી શરૂ થાય તો સ્થાનિક લોકોને રોજગારીની તકો મળી શકે છે. શરૂઆતમાં ભલે ખેડૂતોને શેરડીનો ભાવ રૂ.100થી 200 ઓછો મળે, પરંતુ બહારથી આવતા વેપારીઓને બદલે સ્થાનિક ખેડૂતો પોતાની શેરડી સ્થાનિક સુગર મિલમાં જ પિલાણ માટે આપે તે જરૂરી છે.

કડોદરામાં બીજા લગ્નની લાલચ આપી મહિલાએ 10 લાખ ખંખેર્યા

રૂપિયા પરત માંગતાં વેપારીને જાનથી મારી નાંખવાની ધમકી

પલસાણાઃ કડોદરા જીઆઈડીસી પોલીસ મથક હદ વિસ્તારમાં પત્નીના અવસાન બાદ બાળકોના ઉછેર માટે બીજા લગ્નની આશા રાખતા એક વેપારી સાથે ૧૦ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. વેપારીના જ એક મિત્રએ એક મહિલાનો પરિચય કરાવી, લગ્નની વાતો કરી વિશ્વાસમાં લીધા બાદ અભ્યાસ અને બીમારીના બહાને આ મોટી રકમ પડાવી લીધી હતી. કડોદરા પોલીસે બંને ગઠિયાઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પલસાણાના સાંઈ આશીર્વાદ સોસાયટીની સામે આવેલ શીતલ એપાર્ટમેન્ટમાં રહેતા અને મૂળ રાજસ્થાનના નાથદ્વારાના વતની ૪૪ વર્ષીય કિશનસિંગ સરદારસિંગ ચુડાવત (રાજપૂત) સાંઈ આશીર્વાદ સોસાયટીના શોપિંગ સેન્ટરમાં દુકાન ધરાવી વેપાર કરે છે.

કિશનસિંગની પત્નીનું અવસાન થયું હોવાથી અને સંતાનોની જવાબદારી હોવાથી કડોદરા પટેલ પાર્ક પાસે આવેલી શિવશક્તિ સોસાયટીમાં રહેતા તેમના મિત્ર ભગવાનસિંગ ચૌધરીએ તેમને બાળકોના ધ્યાન રાખવા માટે બીજાં લગ્ન કરવાની સલાહ આપી હતી.

ભગવાનસિંગે પોતાની ઓળખીતી ક્રિષ્ણા નામની એક મહિલાનો ફોટો મોકલી કિશનસિંગની તેની સાથે ફોન પર વાત કરાવી હતી. ક્રિષ્ણા નામની આ મહિલાએ ફોન પર પોતે પણ વિધવા હોવાનું અને તેને એક દીકરો હોવાનું જણાવી કિશનસિંગ સાથે લગ્ન કરવાની હા પાડી હતી. ત્યારબાદ મહિલાએ પોતે વધુ અભ્યાસ કરતી હોવાનું જણાવી સતત ફોન પર લગ્નની મીઠી વાતો કરી કિશનસિંગનો પૂરેપૂરો વિશ્વાસ જીતી લીધો હતો.

વિશ્વાસ કેળવ્યા બાદ મહિલાએ પોતાના અભ્યાસની ફી ભરવા તેમજ પોતાની માતાની બીમારીની સારવારના બહાના આગળ ધરી રૂપિયાની માંગણી શરૂ કરી હતી. કિશનસિંગે બંને આરોપીઓની વાતોમાં આવી જઈને અલગ અલગ સમયે ભગવાનસિંગ અને ક્રિષ્ણાને રોકડા રૂપિયા આપ્યા હતા, તેમજ ક્રિષ્ણાના કહેવાથી પોતાના મિત્રોના મોબાઈલમાંથી તેના ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર પણ કર્યા હતા. આમ ડિસેમ્બર-૨૦૨૩થી લઈને ઓક્ટોબર-૨૦૨૬ સુધીમાં બંનેએ મળી કિશનસિંગ પાસેથી આશરે ૧૦ લાખ પડાવી લીધા હતા. બાદ ક્રિષ્ણાએ મોબાઈલ ફોન બંધ કરી દીધો હતો.

છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં કિશનસિંગ પોતાની દીકરીઓ સાથે ભગવાનસિંગના ઘરે પૂછપરછ કરવા ગયા હતા. જ્યાં ભગવાનસિંગે તેઓને તથા તેમની દીકરીઓને ગાળો આપી હતી અને જો ફરીવાર રૂપિયા માટે ઘરે આવશો કે ફોન કરશો તો ટાંટિયાં ભાંગી નાંખી પતાવી દઈશ તેવી જીવલેણ ધમકી આપી હતી. આ ગુનાહિત કાવતરા અંગે કિશનસિંગે ગતરોજ કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં ભગવાનસિંગ અને ક્રિષ્ણા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ પીએસઆઈ જે.ડી. મીર ચલાવી રહ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

ચલથાણમાં બે વર્ષથી પતિથી અલગ રહેતી મહિલાનો આપઘાત

પલસાણાઃ ચલથાણ ગામે દિવ્યા પેલેસમાં રહેતી ૩૨ વર્ષીય સંગીતાબેન દિનેશભાઈ સાબડેએ પોતાના રૂમમાં સીલિંગ ફેન સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. મૂળ મહારાષ્ટ્રના ધુલેની વતની સંગીતાબેન છેલ્લાં બે વર્ષથી પતિથી અલગ થઈને અહીં એકલા જ રહેતાં હતાં. એકલવાયા જીવન અને અગમ્ય કારણોસર તેઓ માનસિક તણાવમાં રહેતાં હતાં, જેના કારણે ગત 5 નવેમ્બરે સાંજે આ આત્યંતિક પગલું ભર્યું હતું. આ ઘટના અંગે મૃતકના સંબંધી ગુંતાબાઈ કોંકણી દ્વારા કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં જાણ કરવામાં આવતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરી છે. હાલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. દિલીપભાઈ સામસિંગભાઈને સોંપી છે.

તાતીથૈયામાં યુવકનું બીમારી બાદ મોત

પલસાણાઃ પલસાણાના તાતીથૈયા ગામની તિરુપતિ ફ્લોર મિલમાં રહી મજૂરી કરતા બિહારના ૧૯ વર્ષીય વિકાસકુમાર શ્યામ સાદાનું રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું છે. અચાનક તબિયત બગડતા અને સતત ઊલટીઓ થતાં તેને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાંથી પ્રાથમિક સારવાર આપી રજા અપાઈ હતી. બીજા દિવસે સવારે તેની તબિયત વધુ લથડતાં અને શરીર ઠંડું પડી જતાં પરિવારજનો તેને પલસાણા સરકારી હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે કડોદરા જીઆઈડીસી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સોનગઢના આમલગુંડી પાસે ટ્રક અડફેટે બાઇક ચાલક ઘાયલ, ટ્રક ચાલક ફરાર

સોનગઢઃ સોનગઢના આમલગુંડી ગામે પારસી ફળિયા પાસે ટેમ્કાથી વ્યારા જતા સ્ટેટ હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ ૪ નવેમ્બરના રોજ બપોરે આશરે ત્રણ વાગ્યાના સુમારે આમલગુંડીના રહીશ રાજેન્દ્રભાઈ છનાભાઈ ગામીત (ઉં.વ.૩૫) પોતાની હોન્ડા ડ્રીમ નિયો મોટરસાઇકલ નં.(GJ-26-H-9512) રોડની ડાબી બાજુ ઊભી રાખી મિત્ર સાથે વાતચીત કરી રહ્યા હતા. આ સમયે ટેમ્કા તરફથી આવતા ટાટા કંપનીના ટ્રક નં.(GJ-17-X-2348)ના ચાલકે પૂરઝડપે વાહન હંકારી બાઇક તથા રાજેન્દ્રભાઈને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં રાજેન્દ્રભાઈ રોડથી દૂર ફેંકાઈ જતાં ગંભીર ઈજા પહોંચી હતી. ઘટના બાદ ટ્રક ચાલક વાહન રોડની બાજુમાં છોડી ભાગી છૂટ્યો હતો. ગંભીર હાલતમાં ઘવાયેલા યુવકને ૧૦૮ મારફતે સૌપ્રથમ વ્યારા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે સુરતની કિરણ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ઈજાગ્રસ્તના પિતા છનાભાઈ ગામીતની ફરિયાદના આધારે સોનગઢ પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોટી નરોલી પાસે લક્ઝરી બસે અડફેટે લેતાં બાઇક સવાર એકનું મોત, એક ઘાયલ

હથોડાઃ મોટી નરોલી નજીક હાઇવે પર બેફામ દોડતી લક્ઝરી બસના ચાલકે બાઈકને અડફેટે લેતાં એકનું મોત થયું હતું. જ્યારે બીજાને ઇજા થઈ હતી. ઘટનાની વિગત એવી છે કે, નવસારી ખાતે રહેતા મહીનભાઈ ભાનુભાઇ રાઠોડ અને વાંસદા રહેતા તેના મિત્ર વિજયભાઈ રસિકભાઈ ચૌધરી સાથે વાયરિંગનું કામ કરે છે. તેઓ જીજે 19 બીએચ 3223 નંબરની બાઈક પર સાથે ભરૂચની નવી બનતી બિલ્ડિંગમાં વાયરિંગનું કામ કરવા ગયા હતા અને કામ પતાવી તેઓ પરત થઈ રહ્યા હતા. એ વખતે વિજયભાઈ બાઈક ચલાવતા હતા અને તેઓ મોટી નરોલી ગામે હાઇવે પર આવેલા ઓવરબ્રિજ પરથી પસાર થતા હતા. ત્યારે હાઇવે પરથી બેફામ ઝડપે ધસી આવેલી જીજે 5 સીડબ્લ્યૂ 5409 નંબરની લક્ઝરી બસના ચાલકે સ્ટીયરિંગ ઉપરથી કાબૂ ગુમાવી બાઇકને અડફેટે લેતાં બાઈક ચાલક વિજયભાઈનું મોત થયું હતું. જ્યારે પાછળ સવાર મહીનભાઈનો સામાન્ય ઇજા સાથે બચાવ થયો હતો. અકસ્માત સર્જી બસનો ચાલક બસ બિનવારસી મૂકી ભાગી છૂટ્યો હતો. આ બનાવ અંગે મહીનભાઈએ પાલોદ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પાલોદ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કાનપુરામાં રહેતા શિક્ષક સાથે 52.98 લાખની ઠગાઈ!

વ્યારાઃ વ્યારાના કાનપુરામાં રહેતા શિક્ષક સાથે રૂ.52.98 લાખની ઠગાઈ થઈ હતી. ફરિયાદી સંજયભાઈ હરિભાઈ પટેલ (ઉં.વ.52) (રહે.,પ્લોટ નં.6, ઉમિયા નગર સોસાયટી, કાનપુરા) સોનગઢની હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જેને ગત એપ્રિલમાં જૂના મિત્ર અશ્વિન વિનોદભાઈ ગામીત (રહે.,રત્નમણી નગર, કાનપુરા) દ્વારા બાજીપુરા ખાતે બોરખડી ગામમાં આશ્રમ ફળિયામાં રહેતા શખ્સ નીતિન બાબુભાઈ ભારતી સાથે મુલાકાત થઈ હતી. જેણે મિસ દીવાસ ફેશનમાં ડિરેક્ટર હોવાનું કહી મારી પોતાની કંપની આખા દેશમાં કામ કરતી હોવાનું જણાવી સંજયભાઈને કંપનીમાં પૈસાનું રોકાણ કરવા લલચાવી નીતિને અલગ અલગ તારીખે રૂ.58,97,000 ઓનલાઈનથી તેમજ ચેકથી ટ્રાન્સફર કરાવી તેમજ ક્રેડિટ કાર્ડ દ્વારા રૂ.7 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા, જેમાંથી રૂ.12,99,000 જ ફરિયાદીને પરત આપ્યા હતા. બાકીના રૂ.52,98,000 આરોપીએ ફરિયાદીને સુધી ન ચૂકવતાં સંજય પટેલે વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે નીતિન વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી છે.

પલસાણામાં વાહન અડફેટે આધેડનું મોત

પલસાણાઃ પલસાણા ખાતે દુર્ગાકોલોની સામે અજાણ્યા વાહનની ટક્કરે રાહદારી મદન રામવિલાસ ઝા (ઉં.વ.૫૮) નું મોત નીપજ્યું છે. બિહારના સમસ્તીપુરના મૂળ વતની મદન ઝા ગુરુવારી બજારમાં કપડાં વેચવા આવ્યા બાદ ગુમ થયા હતા. બીજા દિવસે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તેમની લાશ ઓળખાઈ હતી.

તાતીથૈયાની કેજરીવાલ મિલના રૂમમાં યુવાનનો આપઘાત

પલસાણાઃ મૂળ બિહારના વતની અને હાલ તાતીથૈયાની કેજરીવાલ મિલના રૂમ નં.૨૦માં રહેતા ૨૧ વર્ષીય વિશાલકુમાર સંજીત પાસવાને અગમ્ય કારણોસર પંખા સાથે ગમછો બાંધી આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે મૃતક સાથે જ રહેતા અને મૂળ તેના જ ગામના વતની એવા દીપકકુમાર પાસવાને પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરી હતી.

નામ બદલ્યું છે

મારૂ જૂનું નામ ભરતભાઈ શામળભાઈ આહિર હતું. જે બદલીને નવું નામ ભરતભાઈ શામળભાઈ ગમારા કરેલ છે. હવે પછી હું નવા નામથી ઓળખાઈશ. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

લિ.
ભરતભાઈ શામળભાઈ ગમારા
રહે. દુધડિયા ફળિયું, મિયાપુર.
તા. મહુવા, જી.સુરત

Milano MULTIPLEX
બારડોલી
Ramayana : Part 1
10:00am, 11:00am,
01:00pm, 02:00pm,
03:00pm, 05:00pm,
06:00pm, 08:00pm,
09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

મહે. માંડવીના પ્રિન્સીપાલ. સીનીયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડી.મેજી. સાહેબની કોર્ટમાં મું-માંડવી.

ફોજદારી પરચુ.અ.ન.-૧૨૯/૨૦૨૬
મુદ્દત તારીખ-૦૫-૧૨-૨૦૨૬

અરજદાર :- બાબુભાઈ દશરીયાભાઈ વસાવા

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, માલ્ધા ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, માલ્ધા, તા.માંડવી, જી.સુરત

- જાહેર નોટીસ -

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત અત્રેની કોર્ટની ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૯/૨૦૨૬ ના કામના અરજદારની પુત્રી ગીતાબેન બાબુભાઈ વસાવાનું જન્મ તા.૦૧-૦૬-૧૯૯૬ ના રોજ ગામ તારાપોર, તા. માંડવી જિ.સુરત મુકામે થયેલ. જેની નોંધણી જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી પાસે રજીસ્ટર કરાવવા રહી ગયેલ હોય જેમાં રજીસ્ટરે નોંધ કરવા સારુ અરજદારે હાલની અરજી કરેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તા.૦૫-૧૨-૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જે કોઈ ઇસમ તથા સરકારી, અર્ધ સરકારી, પેઢી, મંડળી, વ્યકિત, કંપની, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધો હોય તો જાતે અગર યોગ્ય માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ મી નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર		મુકાબલ કરનાર	હુકમથી
(કે.બી.ગામીત)	કોર્ટનો સિક્કો	(ડી.જી.પટેલ)	(એસ.જે.પંચાલ)
આસીસ્ટન્ટ		બેન્ચ ક્લાર્ક	ઇ/ચા. રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, માંડવી		સીવીલ કોર્ટ, માંડવી	સીવીલ કોર્ટ, માંડવી

મહેરબાન માંગરોલના સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. માંગરોલ, જી.સુરત.

સી.એમ.એ.-એસ.સી. નંબર-૧૪/૨૦૨૬

અરજદાર :- હુશેન ગુલામ મોહંમદ, ઉંમર વર્ષઃ આશરે ૭૨, ધંધોઃ નિવૃત/ખેતી, જાતઃ મુસલમાન, રહેવાસીઃ નવાપરા ફળીયું, હથુરણ, તા.માંગરોળ, જી.સુરત. તેઓના કાયદેસરના જનરલ પાવર ઓફ એટોર્ની ધારક (કુલમુખત્યાર): હનીફ ઐયુબ કોયા, ઉંમર વર્ષઃ આશરે ૪૮, ધંધોઃ વેપાર, જાતઃ મુસલમાન, રહેવાસીઃ હથુરણ, તા.માંગરોળ, જી. સુરત.

વિરૂધ્ધ

સામાવાળા :- કોઈ નહી.

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનુ કે, અત્રેની કોર્ટમાં ઉપર જણાવેલ અરજદારના માતાશ્રી સ્વ.આંસુ ઉર્ફે આઈશા મોહંમદ વરદલયા તે ગુલામ મોહંમદના પત્ની તારીખ 23/06/2013 ના રોજ અવસાન પામેલ છે. અને તેમનુ મુળ વતન હથુરણ, તા. માંગરોલ, જિ.સુરત હોય તેમના સીધીલીટીના વારસદાર આ કામના વાદી હુશેન ગુલામ મોહંમદ (પુત્ર) છે, તેઓ પાસે વારસા સર્ટીફીકેટની માંગણી કરતા તેઓ તરફથી હાલની વારસા પરચુરણ અરજી દાખલ કરી વારસા સર્ટીફીકેટની માંગણી અત્રેની કોર્ટમાં કરવામાં આવેલ છે.

આથી આ જાહેર નોટીશ થકી જણાવવાનુ કે, ઉપર પેરા-૧ માં જણાવેલ હકીકતો બાબતે જો કોઈ પક્ષકારને વાંધો, તકરાર, હક્ક-હીત સંબંધ હોય તેમણે ઠરાવ તારીખ ૨૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમ કરવામાં કસુર થયેથી અરજદારની અરજી સંબંધે જરૂરી યોગ્ય તે હુકમ કાયદા અન્વયે કરવામાં આવશે જેની આથી નોંધ લેશો.

આજ તારીખ ૦૬ મી માહે નવેમ્બર સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટના સીલ કરીને આપ્યું

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિક્કો	હુકમથી,
[N.R. Vasava]	[R.B. S...]		રજીસ્ટ્રાર-કમ-નાઝર, સીવીલ કોર્ટ, માંગરોલ [R.A. Patel]

મહે.માંડવીના પ્રીન્સીપાલ. સીનીયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડી.મેજી. સાહેબની કોર્ટમાં મું-માંડવી.

ફોજદારી પરચુ.અ.નં.-૧૩૭/૨૦૨૬
મુદત તારીખ-૨૪-૧૨-૨૦૨૬

અરજદાર:- લવેશભાઇ ભુખણભાઇ ગામીત

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ફળી ગ્રામ પંચાયત કચેરી, ફળી, તા. અરેઠ, જી.સુરત

- જાહેર નોટીસ -

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત અત્રેની કોર્ટની ફોજદારી પરચુરણ અરજી નં.૧૩૭/૨૦૨૬ ના કામના અરજદારના મર્હુમ દાદા નામે ભગલાભાઇ મોચડાભાઇ ગામીતનું મરણ તા.૧૪-૦૪-૨૦૧૦ ના રોજ ગામ ફળી, તા. અરેઠ જિ.સુરત મુકામે થયેલ. જેની નોંધણી જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી પાસે રજીસ્ટર કરાવવા રહી ગયેલ હોય જેમાં રજીસ્ટરે નોંધ કરવા સારૂ અરજદારે હાલની અરજી કરેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તા.૨૪-૧૨-૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જે કોઇ ઇસમ તથા સરકારી, અર્ધ સરકારી, પેઢી, મંડળી, વ્યકિત, કંપની, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધો હોય તો જાતે અગર યોગ્ય માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૪ મી નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર		મુકાબલ કરનાર	હુકમથી
(કે.બી.ગામીત)	કોર્ટનો સિક્કો	(ડી.જી.પટેલ)	(એસ.જે.પંચાલ)
આસીસ્ટન્ટ		બેન્ચ ક્લાર્ક	ઇ/ચા. રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, માંડવી		સીવીલ કોર્ટ, માંડવી	સીવીલ કોર્ટ, માંડવી

જાહેર નિવિદા

નીચે જણાવેલ કામ અર્થે અનુભવ ધરાવતાં ઈજારદારો/એજન્સીઓ પાસેથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વાલીઆ, જી-ભરૂચ તરફથી નીચે જણાવેલ કામોના ટેન્ડર મંગાવવામાં આવે છે.

અ. નં.	કામનું નામ અને સ્થળ	ટેન્ડરમાં મુકવામાં આવેલ અંદાજીત રકમ(રૂા.લાખમાં)	બાનાની રકમ (રીફંડેબલ)	ટેન્ડર ફી (નોન રીફંડેબલ)
1.	મુ.યાર્ડ વાલીઆ ખાતે ઈ-નામ સેવા કેન્દ્રના ઈન્ટીરીયર્સ વર્ક (પી.ઓ.પી, ઈલેક્ટ્રીક્સ વર્ક્સ, કલર કામ, કોટા પોલીશીંગ, એલ્યુમીનીયમ પાર્ટીશન વર્કસ વિગેરે)નું કામ	૦૪=૮૫	૫૦૦૦=૦૦	૫૦૦=૦૦

ટેન્ડર ફોર્મ જરૂરી આધાર પુરાવા રજુ કર્યેથી મળશે. માલસામાન તથા મજુરી સહીતના ભાવો આપવાના રહેશે. ટેન્ડર ફોર્મ બંધ કવરમાં રજી. પોસ્ટ એડી/રૂબરૂથી નીચે જણાવેલ સમય મર્યાદામાં મોકલવાના રહેશે. સૂચિત કામ કરવા માટેની અન્ય શરતો ભાવપત્રકમાં આપેલ છે. ટેન્ડર મંજૂર કરવા કે નહીં તેની તમામ સત્તા સમિતિના બજાર સમિતિને અબાધિત રહેશે.

- ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ : ૧૯/૧૧/૨૦૨૬ સાંજના ૫-૦૦ કલાક સુધી
- ભરેલા ભાવપત્રક આપવાની છેલ્લી તારીખ : ૨૩/૧૧/૨૦૨૬ સાંજના ૪-૦૦ કલાક સુધી
- ટેન્ડર મેળવવા તથા ભરેલ ટેન્ડર આપવાનું સ્થળ : શ્રી ખ.ઉ.બ.સ.વાલીઆ મુ.યાર્ડ કાર્યાલય
- ટેન્ડર મેળવવા માટેનો સમય : રજાના દિવસ સિવાય સવારનાં ૯-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક

લી. યોગેન્દ્રસિંહ જે. મહીડા :: ચેરમેન - ખે.ઉ.બ.સ.વાલીઆ

